# એમક્યોર ફાર્માના જાગૃતતા અભિયાન "ACE YOUR HEART"ને વિશ્વ હૃદય દિવસે એશિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન

ભારતની અગ્રણી ફાર્મા કંપની એમક્યોર ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે વિશ્વ હૃદય દિવસે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે અને મુંબઈમાં ડોક્ટરો દ્વારા વિશ કાર્ડનો ઉપયોગ કરીને બનાવાયેલા હૃદયના આકારના સૌથી મોટા સ્ટ્રક્ચર બદલ એશિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મેળવ્યું છે. આ નવીનતમ સ્ટ્રક્ચર હૃદયની બીમારીઓ સામે લડવા માટે સામૂહિક પ્રતિબદ્ધતા દર્શાવે છે જે સમગ્ર ભારતમાં ૫,૦૦૦થી વધુ



ડોક્ટર્સના પ્રદાનને રજૂ કરે છે. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ લોન્ચ કરેલા "ACE YOUR HEART" કેમ્પેઈનનો ઉદ્દેશ દેશભરમાં હૃદય રોગના હુમલાના વધતા કિસ્સા અને કાર્ડિયોવાસ્ક્યુલર (સીવી) આરોગ્યને સુધારવા અંગે જાગૃતતા ફેલાવવા માટેની તાકિદની જરૂરિયાતને સંબોધવાનો છે. 'ધ લાન્સેટ'માં પ્રસિદ્ધ થયેલા એક સમુદાય આધારિત અભ્યાસમાં જણાવાયું હતું કે સમયસરની સંભાળ મેળવવામાં થતા વિલંબના લીધે ૫૫ ટકા કાર્ડિયોવાસ્ક્યુલર મૃત્યુ ઘરે જ થતા હોય છે. આ પહેલ લોકોમાં ભારતમાં વધતા સીવીડી બોજ અને લોકો પોતાને કેવી રીતે સુરક્ષિત રાખી શકે છે તે અંગે જાગૃતતા વધારવા માટે કાર્ડિયોલોજીસ્ટ અને કન્સલ્ટિંગ ફિઝિશિયન પર કેન્દ્રિત હતી.